## પ્રથમ ત્રિમાસિક કસોટી – ૨૦૨૬-૨૭

**ધોરણ – ૪ : ગણિત** **સમય : ૨ કલાક** **કુલ ગુણ : ૪૦**

| વિદ્યાર્થીનું નામ : ______________________ | રોલ નં. : ________ | તારીખ : ________ | શાળાનું નામ : ______________ |
|---|---|---|---|
| | | | |

### પ્રશ્ન – ૧ : ઈંટોની ઈમારત [M401] – ૧૩ ગુણ

અધ્યયન નિષ્પત્તિ : M401 – સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

**૧(A) અતિ ટૂંક જવાબી પ્રશ્નો – દરેક ૧ ગુણ (ગમે તે ૩) [૩ ગુણ]**

(1) ૪૫૬૭ ને શબ્દોમાં લખો.

જવાબ : ____________________________________

(2) ૮૯૪૫ માં ૯ ની સ્થાનકિંમત લખો.

જવાબ : ____________________________________

(3) ૪૫૬૭ ની તરત પછીની સંખ્યા લખો.

જવાબ : ____________________________________

(4) ૩૫૬૮ માં દશકના સ્થાને કયો અંક છે?

જવાબ : ____________________________________

**૧(B) માગ્યા મુજબ કરો – દરેક ૨ ગુણ (ગમે તે ૨) [૪ ગુણ]**

(1) ૭૮૬૫ સંખ્યાનું વિસ્તૃત સ્વરૂપ લખો.

______________________________________________________

(2) ૪૫૩૨ સંખ્યાના દરેક અંકની સ્થાનકિંમત લખો.

______________________________________________________

(3) નીચેની સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો : ૮૭૬૫, ૩૪૫૬, ૯૮૭૬, ૫૪૩૨

______________________________________________________

**૧(C) વ્યવહારુ પ્રશ્નો – દરેક ૩ ગુણ (ગમે તે ૨) [૬ ગુણ]**

(1) એક શાળાના પુસ્તકાલયમાં ૪૩૨૫ વાર્તાનાં પુસ્તકો અને ૩૨૪૦ કાવ્યનાં પુસ્તકો છે, તો તે પુસ્તકાલયમાં કુલ કેટલાં પુસ્તકો છે?

જવાબ/ગણતરી :

______________________________________________________

______________________________________________________

(2) તમે બજારમાંથી પુસ્તક ₹૩૫૦, બેગ ₹૪૫૦ અને પેન ₹૭૫ ખરીદો છો. તમે કરેલો કુલ ખર્ચ શોધો.

જવાબ/ગણતરી :

___________________________________________________________

___________________________________________________________

(3) એક દુકાનમાં ૮૭૬૫ નોટબુક હતી. તેમાંથી ૩૪૨૫ નોટબુક વેચાઈ ગઈ, તો હવે દુકાનમાં કેટલી નોટબુક બાકી છે?

જવાબ/ગણતરી :

___________________________________________________________

___________________________________________________________

## પ્રશ્ન – ૨ : ઈંટોની ઈમારત / પેટર્ન [M403] – ૪ ગુણ

અધ્યયન નિષ્પત્તિ : M403 – આસપાસના પર્યાવરણમાં જોવા મળતા આકારોની સમધારણ કરે છે.

**૨(A) યોગ્ય વિકલ્પ પસંદ કરો – દરેક ૧ ગુણ (બધા ૪) [૪ ગુણ]**

(1) નીચેની ગોઠવણીમાં ○ □ ○ □ ○ □ આગળ કયો આકાર આવશે? (A) ○ (B) □ (C) △ (D) ☆

જવાબ : ____________

(2) મધમાખીના મધપૂડામાં કયા આકારની પેટર્ન જોવા મળે છે? (A) ગોળ (B) ત્રિકોણ (C) ષટ્કોણ (D) સીધી રેખા

જવાબ : ____________

(3) ઈંટનો સામાન્ય આકાર કેવો હોય છે? (A) ગોળ (B) લાંબઘન (C) શંકુ (D) નળાકાર

જવાબ : ____________

(4) કપડાની ડિઝાઇન 🌸 ■ 🌸 ■ 🌸 ■ હોય તો આગળ કઈ ડિઝાઇન આવશે? (A) 🌸 (B) ■ (C) ▲ (D) ●

જવાબ : ____________

## પ્રશ્ન – 3 : લાંબુ અને ટૂંકું [M405] – ૭ ગુણ

અધ્યયન નિષ્પત્તિ : M405 – મીટરનું સેમીમાં અને સેમીનું મીટરમાં રૂપાંતર કરે છે.

**૩(A) ખાલી જગ્યા પૂરો – દરેક ૧ ગુણ (ગમે તે ૪) [૪ ગુણ]**

(1) ૪૦૫ સે.મી. = ________ મીટર, ૫ સે.મી.

(2) ૩૦૦૦ મીટર = ________ કિલોમીટર

(3) ૪ મીટર ૨૭ સે.મી. = ________ સે.મી.

(4) ૧૨૫ સે.મી. = ૧ મીટર, ________ સે.મી.

(5) ૩૦૫ સે.મી. + ૪૯૫ સે.મી. = ________ મીટર

**૩(B) ખરાં – ખોટાં લખો – દરેક ૧ ગુણ (ગમે તે ૩) [૩ ગુણ]**

(1) ચોકની લંબાઈ સામાન્ય રીતે મીટરમાં મપાય છે. __________

(2) સે.મી. એ મીટરથી મોટો એકમ છે. __________

(3) મીટર કરતાં કિલોમીટર મોટો એકમ છે. __________

(4) ૧ કિલોમીટર = ૧૦૦૦ મીટર થાય. __________

## પ્રશ્ન – ૪ : લાંબુ અને ટૂંકું [M406] – ૧૦ ગુણ

અધ્યયન નિષ્પત્તિ : M406 – બે વસ્તુઓ વચ્ચેનું અંતર તથા જુદી જુદી વસ્તુઓનું ચોક્કસ માપન કરે છે.

**૪(A) યોગ્ય વિકલ્પ પસંદ કરો – દરેક ૧ ગુણ (ગમે તે ૪) [૪ ગુણ]**

(1) બે બિંદુઓ વચ્ચેનું ચોક્કસ અંતર માપવા કયું સાધન ઉપયોગી છે? (A) પરિકર (B) ઘડિયાળ (C) માપપટ્ટી (D) દોરી

જવાબ : ____________

(2) ફૂટપટ્ટી પર લંબાઈ સામાન્ય રીતે કયા એકમમાં હોય છે? (A) સે.મી. (B) મીટર (C) લિટર (D) કિલોમીટર

જવાબ : ____________

(3) એક રબરની લંબાઈ ૪ સે.મી. છે. તેને ફૂટપટ્ટી પર ૦થી માપીએ તો કયા અંક સુધી પહોંચશે? (A) ૨ (B) ૪ (C) ૬ (D) ૫

જવાબ : ____________

(4) એક દરવાજાની ઊંચાઈ ૨ મીટર છે તો તેની ઊંચાઈ સે.મી.માં કેટલી થશે? (A) ૨૦૦ સે.મી. (B) ૧૫૦ સે.મી. (C) ૨૦૦૦ સે.મી. (D) ૨૦ સે.મી.

જવાબ : ____________

(5) નીચેનામાંથી કઈ ઊંચાઈ સૌથી ઓછી છે? (A) ૧૫૦ સે.મી. (B) ૧.૬ મીટર (C) ૧.૨ મીટર (D) ૧૦૦ સે.મી.

જવાબ : ____________

**૪(B) વ્યવહારુ પ્રશ્નો – દરેક ૩ ગુણ (ગમે તે ૨) [૬ ગુણ]**

(1) એક ઇમારતની ઊંચાઈ ૩૬ મીટર છે. એક વૃક્ષની ઊંચાઈ ઇમારતની ઊંચાઈ કરતાં ૨૦ મીટર ઓછી છે. તો ઇમારત અને વૃક્ષની કુલ ઊંચાઈ શોધો.

જવાબ/ગણતરી :

____________________________________________________________

____________________________________________________________

(2) વિરાટનો છગ્ગો ૯૦ મીટરનો છે. વૈભવે વિરાટ કરતાં ૧૦ મીટર લાંબો અને શ્રેયસે વિરાટ કરતાં ૬ મીટર ટૂંકો છગ્ગો ફટકાર્યો. તો વૈભવ અને શ્રેયસના છગ્ગાની લંબાઈ કેટલી?

જવાબ/ગણતરી :

(3) જેસલમેર એક્સપ્રેસની કોષ્ટક મુજબ લૂણીથી જોધપુરનું અંતર કેટલું છે? (લૂણી = ૪૨૫ કિમી, જોધપુર = ૪૫૭ કિમી.)

જવાબ/ગણતરી :

## પ્રશ્ન – ૫ : કોષ્ટક પરથી જવાબ [M407] – ૬ ગુણ

અધ્યયન નિષ્પત્તિ : M407 – આપેલી કોષ્ટક/માહિતી પરથી પ્રશ્નોના જવાબ આપે છે.

**નીચેના કોષ્ટકના આધારે પ્રશ્નોના જવાબ આપો. [દરેક ૨ ગુણ, કુલ ૩ પ્રશ્નો]**

| રમતનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| હોકી | ૨ |
| ફૂટબોલ | ૧ |
| કબડ્ડી | ૧૨ |
| ખો-ખો | ૭ |
| ક્રિકેટ | ૮ |

(1) કેટલા વિદ્યાર્થીઓને કબડ્ડી પસંદ છે?

(2) ક્રિકેટ કરતાં કબડ્ડી કેટલા વધુ વિદ્યાર્થીઓને પસંદ છે?

(3) કબડ્ડી અને ખો-ખો પસંદ કરનારા કુલ કેટલા વિદ્યાર્થીઓ છે?

(4) હોકી અને ફૂટબોલ પસંદ ન હોય તેવા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા કેટલી છે?

**આચાર્યશ્રીની સહી :** ____________________